Page No. ____________
Date ____________

નામ : TRIvedi Sakshi Jayeshkumar

Roll no. : 232

PNR No. : COC2025232

વિષય : Educational psychology

પેપર કોડ : 101 - 102 / MJ-EPS-101 - MJ-EPS-102

પેપરનું નામ : Psychological strategies

SEM : 1st

સાક્ષી ત્રિવેદી

આશા ત્રિવેદી



(1) શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ :

→ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં વિદ્યાર્થીના વર્તન, અભિગમો, ક્ષમતા તથા સમસ્યાઓને સમજવા માટે વિવિધ અભ્યાસ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે તેમાં મુલાકાત પદ્ધતિ અને પ્રશ્નાવલી પદ્ધતિ વિશેષ મહત્વ ધરાવે છે.

(2) મુલાકાત પદ્ધતિ :

અર્થ :)

→ મુલાકાત પદ્ધતિમાં સંશોધક અથવા શિક્ષક વ્યક્તિ સાથે રૂબરૂ સંવાદ કરીને માહિતી એકત્ર કરે છે. આ પદ્ધતિ દ્વારા વ્યક્તિના વિચારો, લાગણીઓ, અનુભવો તથા સમસ્યાઓની ઊંડી અને સ્પષ્ટ સમજ પ્રાપ્ત થાય છે.

પ્રકારો :)

1. બંધાયેલ મુલાકાત :

જેમાં પૂર્વનિર્ધારિત પ્રશ્નો જ પૂછવામાં આવે છે.

2

2. અબંધાયેલ મુલાકાત :

જેમાં પ્રશ્નો લવચીક હોય છે અને સંવાદ અનુસાર બદલાય છે.

3. અર્ધબંધાયેલ મુલાકાત :

જેમાં બંધાયેલ અને અબંધાયેલ બંને પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

⟹ ગુણો :

- વ્યક્તિગત અને વિગતવાર માહિતી પ્રાપ્ત થાય છે.
- વિદ્યાર્થીની લાગણીઓ, અભિગમ અને માનસિક સ્થિતિ સમજવામાં સહાય મળે છે.
- ગેરસમજ દૂર કરી શકાય છે.

⟹ અવગુણો :

- વધુ સમય અને ખર્ચ થાય છે.
- સંશોધકના પક્ષપાતની શક્યતા રહે છે.
- મોટા જૂથ માટે આ પદ્ધતિ ઉપયોગી નથી.

સાક્ષી ત્રિવેદી



→ **શૈક્ષણિક ઉપયોગ :**

- વિદ્યાર્થીની શૈક્ષણિક તથા વ્યક્તિગત સમસ્યાઓ જાણવા
- માર્ગદર્શન આપી સલાહ માટે
- વ્યક્તિગત કેસ લખવા માટે.

//2) **પ્રશ્નાવલી પદ્ધતિ :** //

**અર્થ :)**

→ પ્રશ્નાવલી પદ્ધતિમાં પૂર્વતૈયાર કરેલા પ્રશ્નોનું લિખિત સ્વરૂપ વિદ્યાર્થીઓ અથવા વિષયોને આપવામાં આવે છે, જેથી તેઓ પોતાના જવાબ લખીને આપે.

પ્રકારો :)

1. **બંધ પ્રશ્નાવલી :**

જેમાં હા / ના અથવા વિકલ્પ વાળા પ્રશ્નો હોય છે.

આશી મિસ્ત્રી



2. ખુલ્લી પ્રશ્નાવલી :

જેમાં વિષયોને મુક્ત જવાબ આપવા જગ્યા આપવામાં આવી છે.

3. મિશ્ર પ્રશ્નાવલી :

જેમાં બંધ અને ખુલ્લા બંને પ્રકારના પ્રશ્નો હોય છે.

→ ગુણો :

- ઓછા સમયમાં વધુ લોકો પાસેથી માહિતી મળે છે.
- ખર્ચ ઓછો થાય છે.
- સંશોધકનો પક્ષપાત ઓછો રહે છે.

→ અવગુણો :

- જવાબો અધૂરા અથવા અવાંછનીય હોઈ શકે છે
- વાંચન-લેખન ન આવડતા માટે મુશ્કેલી પડે છે.
- ભાવનાઓ અને આંતરિક વિચારોની ઊંડી માહિતી મળતી નથી

## → શૈક્ષણિક ઉપયોગ :

- વિદ્યાર્થીઓનો રસ, અભિગમ અને અભ્યાસ ટેવો જાણવા
- શૈક્ષણિક સંશોધન માં
- મૂલ્યાંકન અને આયોજન માટે

## * નિષ્કર્ષ :

→ મુલાકાત પદ્ધતિ દ્વારા ઊંડી અને ગુણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે, જ્યારે પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારા વિશાળ અને પરિમાણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં બંને પદ્ધતિઓનો યોગ્ય સંયોજન કરીને વધુ અસરકારક અને વિશ્વસનીય અભ્યાસ કરી શકાય છે.

X —— X —— X —— X ——